ગુજરાતમિત્ર
ભવિષ્ય દર્પણ

# જાનતે હૈ જન્નત કી હકીકત કો લેકિન
# દિલ કો બહેલા ને કે લિયે યે ખયાલ અચ્છા હૈ

## સિંહ (મ.ટ.)



### માનસિક સ્થિતિ :

**મિત્રો,**

**આ વરસમાં આપની માનસિક પરિસ્થિતિ કેવી રહેશે એની લાંબી ચર્ચા કરવા કરતા આપને એક નાની વારતા કહું છું. એનાથી આપને આપની માનસિક પરિસ્થિતિનો સચોટ ખ્યાલ આવશે.**

**મારા એક મિત્રને પોપટ પાળવાની ઇચ્છા થઇ. એટલે અમે બંને પોપટ લેવા માટે બજારમાં ગયા. પોપટવાળાને ત્યાં પહોંચ્યા. એની પાસે ઘણા બધા પોપટ હતા એણે બતાવવાની શરૂઆત કરી.**

**પોપટ નં. (૧) જુઓ સાહેબ, આ પોપટની કિંમત છે પાંચ હજાર રૂપિયા! આ પોપટ કેટલાક મહાભારતના શ્લોકો, રામ ચરિત માનસ ના દોહા અને ગીતાના કેટલાક શ્લોકો પણ બોલે છે. પોપટવાળાએ એ પોપટને ઇશારો કર્યો અને પોપટે અમને એ બધું સંભળાવ્યું. સાથે સાથે પોપટ ડાન્સ પણ કરતો હતો અને આડો અવળો પણ થતો હતો. પોપટવાળા એ એને ઇશારો કર્યો અને એણે ગાવાનું બંધ કર્યું.**

**પોપટ નં. (૨) સાહેબ આનો ભાવ છે દસ હજાર રૂપિયા! અમે ચોંકયા! અમે પૂછયું ભાઇ આનામાં એવું શું છે? પોપટવાળા એ કહ્યું, આ પોપટ મહાભારત ગીતાના શ્લોક, રામચરિત માનસના દોહા ઉપરાંત કુરાનની આયાતો, ગાલીબ અને મીરની ગઝલો તેમજ મીરાના ભજનો બોલે છે. પોપટવાળાએ પોપટને ઇશારો કર્યો અને પોપટે અમને બધું સંભળાવ્યું. એ પોપટ બોલતા બોલતા એક્ષપ્રેશન પણ આપતો, ડાન્સ કરતો, ફોટો પાડવા માટે પોઝ પણ આપતો હતો. હદ તો ત્યારે થઇ ગઇ જયારે પોપટવાળાએ એને બોલવાનું બંધ કરવાનું કહ્યું તો પણ એ બોલે જ રાખતો હતો. બધી એકની એક વાત ત્રણ ચાર વખત રિપીટ કરી ગયો. છેવટે અમે કંટાળ્યા એટલે પોપટવાળાએ એને એક લાફો મારીને બોલવાનું બંધ કરાવ્યું.**

**ટૂંકમા આ પોપટ પોતાની જાતને બહુ જ્ઞાની સમજતો હતો.**

**પોપટ નં. (૩) પોપટવાળાએ ત્રીજો પોપટ બતાવ્યો. સાહેબ, આની કિંમત છે વીસ હજાર રૂપિયા! અમે તો અવાક થઇ ગયા. અમે કહ્યું તૂ જલ્દી બતાવ કે આ પોપટમાં શું વિશેષતા છે? પોપટવાળાએ કહ્યું સાહેબ, આ પોપટ કશું જ બોલતો નથી. હંમેશા શાંત અને મૌન રહે છે.**

**અમે કહ્યું કે કશું બોલતો નથી અને ભાવ વીસ હજાર રૂપિયા! પોપટવાળાએ કહ્યું : સાહેબ, આ ત્રીજો પોપટ પહેલા બે પોપટનો ગુરૂ છે!!**

**હવે અહીંથી તમારી વાત શરૂ થાય છે**

**દરેક માણસ કોઇને કોઇ વહેમમાં જીવતો હોય છે. કોઇને કોઇ ભ્રમમાં જીવતો હોય છે અને એ માણસ ગમે એટલો દુ:ખી હોય તો પણ આ વહેમ કે ભ્રમને લીધે જ પોતે બહુ સુખી છે એવું માને છે. પોતે સુખી છે એવું પોતાની જાતને સમજાવવા માટે આવા કોઇ ભ્રમમાં રહેવું જરૂરી છે. આવા વહેમને પાળવો પડે છે, પોષવો પડે છે, જતન કરવું પડે છે અને કાળજીપૂર્વક એ ભ્રમને કે વહેમને મેઇન્ટેઇન કરવો પડે છે. અને આવા વહેમને લીધે એ બીજા કરતા ગ્રેટ છે, વધારે સુખી છે એમ માને છે. હું કમિશનર છું, હું મિનિસ્ટર છું, હું ચેરમેન છું હું જનરલ મેનેજર છું. હું મોટો ડોક્ટર છું, હું મોટો એન્જીનીઅર છું, હું બધા કરતા વધારે જ્ઞાની છું, હું કરોડપતિ છું, એવા વહેમમાં એ બીજાને વણમાગી સલાહ પણ આપતો રહે છે. પરંતુ એને ખબર નથી હોતી કે એ જેની સાથે વાત કરે છે તે એનો બાપ છે! બધા એમ માને છે કે હું મોટો છું. પણ કોઇ એમ નથી કહેતું કે હું 'માણસ' છું. ખેર ખરેખર જ્ઞાની માણસ શાંત રહે છે, બહુ બોલતા નથી. હવે તમે નક્કી કરો કે તમારે પોપટ નં. (૧) થવું છે, પોપટ નં. (૨) થવું છે કે પોપટ નં. (૩) થવું છે! પણ તમે પોતે સુખી છો એવું તમારી જાતને સમજાવવા માટે તમારે એક વહેમ, એક ભરમ રાખવો પડે. આ વહેમ જ છે. વાસ્તવિકતા નથી જ નથી.**

**પછી શિષ્યએ પૂછયું :હે ગુરૂજીઃ આવા ખોટા વહેમમાં રહીને માણસ પોતે બહુ બુધ્ધિશાળી છે અને બહુ સુખી છે એમ માનવું કેટલું યોગ્ય છે?**

**ગુરૂજીએ કહ્યુંઃ હે બાલકઃ દિલકો બહેલાને કે લિયે યે ખયાલ અચ્છા હૈ!**

### આર્થિક નાણાંકીયઃ

નાણાંકિય દૃષ્ટિએ નવું વરસ આપને માટે સારું જ નહીં પરંતુ ઘણું સારું રહેશે વરસ દરમ્યાન આપની આવકમાં વધારો થાય. ઉપરાંત આ વરસમાં ચાલુ આવક ઉપરાંત કોઇ બીજી બાજુથી પણ આવકનું સાધન ઊભું થાય. આમ પૈસાની દૃષ્ટિએ આપને ઘણી રાહત થઇ જશે. **જો તમે તમારી અત્યાર સુધીની બચતનું અને ચાલુ આવકનું વ્યવસ્થિત પ્લાનીંગ કરશો તો આ વરસમાં તમે રેગ્યુલર ફિક્ષ આવક ઊભી કરી શકશો. જો કે વરસ દરમ્યાન બે વખત મોટા ખરચાઓ આવે.**

### ધંધો વ્યવસાય નોકરી

આપના કામકાજ ધંધા માટે ફેબ્રુઆરી ૧૯ સુધીનો સમય મધ્યમ છે. ફેબ્રુઆરી સુધી આપના કામકાજમાં ઉતાર ચઢાવ રહેશે. **કયારેક આપનો ધંધો ઓછો થઇ જાય અને આપનું રેગ્યુલર કામકાજ ઠંડુ થઇ જાય એવું બને. આપના ચાલુ કામમાં કેટલીક અડચણ આવે એને લીધે કામ પૂરા થવામાં વિલંબ થાય. સાધારણ ખોટા ખરચાઓ આવે કે આપની ઉઘરાણી ફસાય જાય એવું બને. આને લીધે થોડા સમયને માટે મની ક્રાઇસીસ ઊભી થાય.**

માર્ચ મહિનાથી વરસના અંત સુધીનો સમય ધંધાને માટે ઘણો સારો છે. આપનું કામકાજ વધે. ધંધો વધે, આવક વધે પ્રગતિ થાય અને બધુ રૂટીન સંતોષકારક સેટ થઇ જાય. બની શકે તો **ધંધામાં નવું રોકાણ કરવું હોય કે એક્સ્પાન્શન કરવું હોય તો માર્ચ પછી કરવાનું સલાહભરેલું છે. દેવું કરીને કોઇ કારભાર કરવો નહીં.**

નોકરીવાળાને માટે પણ વરસનો પૂર્વાર્ધ થોડો ટેન્શન વાળો રહેશે. **નોકરીમાં બિનજરૂરી ટેન્શન ચાલ્યા કરે અને ઉપરી અધિકારીની આડાઇને લીધે માથાકૂટ થયા કરે.** વરસના ઉત્તરાર્ધમાં બધું નોર્મલ થઇ જાય અને તમે રિલેક્ષ થઇ જાવ. ઇન્ક્રીમેન્ટ પ્રમોશનના કામમાં વિલંબ થાય. એક બે વિઘ્ન સંતોષી માણસો મળે જે તમારા કામમાં રૂકાવટ ઊભી કરે. નોકરી બદલવી હોય તો માર્ચ પછી બદલી શકાય.

### જમીન માકાન - પ્રોપર્ટી

પ્રોપર્ટીમાં નવું રોકાણ કરવાની તમને ખંજવાળ જરૂર આવે પરંતુ એમ કરવાનું આપને માટે સલાહ ભરેલું નથી. કારણ કે એ પ્રોપર્ટી ભવિષ્યમાં તમે વાપરી નહીં શકો. તમારે વેચી દેવી પડે અથવા કોઇ બીજા જ વાપર્યા કરે. બીજું તમારા બજેટ બહારની વાત થઇ જાય. **તમારા પૈસા ખોટા સલવાય જાય એના કરતા શાંતિ રાખીને બાપુ, જે છે તે ચલાવ્યે રાખોને! બાપ-**દાદાની પ્રોપર્ટી માંથી કંઇ મળવાનું હોય તો વરસના અંતમાં મળે. તમારી જુની પ્રોપર્ટી વેચવાની હોય તો તેમાંથી સારો એવો ફાયદો થાય.

### લગ્ન અને દાંમ્પત્યજીવન

જેમને આ વરસમાં લગ્ન કરવા હોય તેમને આ કામમાં વિલંબ થાય. તમારે શાંતિ રાખવી. ઉતાવળ કરવાથી કંઇ લોચો પડી જાય એવું લાગે છે. જો કે વરસના અંતમાં ઠેકાણું પડી જાય. **લવ મેરેજ કરવા હોય તો ઘરવાળાનો વિરોધ થાય.**

દાંમ્પત્ય જીવન માટે આપના ગ્રહમાન ઘણાં સારા છે. લગ્ન જીવનમાં આગળ પાછળ ઉપર - નીચે અંદર બહાર એમ બધી જ રીતે સંતોષકારક ચાલ્યા કરશે. આ વરસમાં તમારા પાર્ટનર માટે તમારો પ્રેમ વધે. તમે વધારે પડતી કાળજી રાખતા થઇ જાવ. આમ થવાનું કારણ તમારા પાર્ટનરના સેક્રીફાઇસ કુરબાની ની કિંમત તમને હવે ખબર પડશે. તમને હવે સમજ પડશે કે તમે અત્યારે જે લેવલ પર છો અને જેટલા શાંતિથી જીવો છો તે તમારા પાર્ટનરને લીધે જ છો! **પરંતુ વધારે પડતો પ્રેમ કે પ્રેમનો નાટક પણ સામા માણસને અકળાવી મૂકે છે તે યાદ રાખજો!** વરસમાં બે વખત તમારા પાર્ટનરની તબિયતમાં ગરબડ થાય કે એમને ડિપ્રેશન આવે ત્યારે તમે એમનું પૂરતું ધ્યાન રાખશો અને સપોર્ટ કરશો તો તે 'ઇનફ' છે. પરંતુ જો છૂટાછેડા લેવા હોય તો ધીરજ રાખવી!

### સંતાન

જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તો પ્રયત્નો ચાલુ રાખવા. આપની ઇચ્છા પૂરી થશે. જેમના સંતાનો મોટા છે તેમને પણ સંતાનોના બધા કામોમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ, નોકરી ધંધા અને લગ્નની બાબતમાં સારા સમાચાર મળે. તમારા સંતાનોને ત્યાં પણ સંતાન પ્રાપ્તિ થાય અને તમને પ્રમોશન મળે! **તમારી લાએબિલીટી વધે સાથે સાથે એસેટસ પણ વધે.**

### અભ્યાસઃ

વિદ્યાર્થી મિત્રો, **અભ્યાસને માટે વરસની શરૂઆતના છ મહિના આપને માટે બહુ સારા નથી.** આ સમય દરમ્યાન અભ્યાસમાં કેટલીક અડચણો આવે, કેટલાક વિઘ્નો આવે તેથી તમે અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી શકો નહીં. આને લીધે મહેનતના પ્રમાણમાં પરિણામ ઓછું મળે. **વરસના છેલ્લા છ મહિના અભ્યાસ માટે ઘણા સારા છે** આપની અપેક્ષા મુજબનું રિઝલ્ટ મળશે. બારમા ધોરણ પછી કે ગ્રેજયુએશન પછી આગળના અભ્યાસ માટે પણ અનુકૂળતા રહેશે. વધુ અભ્યાસ અર્થે પરદેશ જઇ શકાય.

### પ્રવાસઃ

મુસાફરીની બાબતમાં આ વરસમાં આપના ગ્રહમાન ઘણાં સારા છે. આ વરસમાં એક મોટી મુસાફરી થાય અને બે નાની મુસાફરી થાય. એક મુસાફરી કેન્સલ થાય. નાની મુસાફરી આનંદ પ્રમોદને માટે કે કોઇ સામાજિક કામને માટે થાય મુસાફરીમાં સાધારણ ટેન્શન થાય. સાધારણ ખોટા ખરચા થાય.

### મિત્ર શત્રુ

જો તમારું મિત્ર - વર્તુળ ઘણું મોટું હોય તો આ વરસમાં થોડું નાનું થઇ જાય. મિત્રોની સંખ્યા ઘટે. કેટલાક નજીકના મિત્રો દૂર થઇ ગયા હોય એવું લાગે. **તમારા કેટલાક મિત્રો તમને સારી ભાવનાથી કે તમારા ભલા માટે તમને સલાહ આપતા હોય તેમાં પણ તમારાથી 'મિસગાઇડ' નહીં થઇ જવાય તેનું ધ્યાન રાખવું. શત્રુ જેવું કશું છે નહીં. તમે કોઇને શત્રુ માનતા હોવ તો તે તમારો કાલ્પનિક પ્રોબ્લેમ છે.**

### કોર્ટ - કચેરી

કોર્ટ કચેરીની બાબતમાં અત્યારે આપનો કોઇ કેસ કોર્ટમા પેન્ડીંગ હોય તો માર્ચ મહિના સુધીમાં તમારા પ્રશ્નનું નિરાકરણ આવી જાય અને તમારું ટેન્શન પૂરું થઇ જાય. જો કોઇ કેસ પેન્ડીંગ નહીં હોય તો તમારે સામે ચાલીને કોઇ નવો કેસ ઉભો કરવો નહીં. ઇન્કમટેક્ષ એકઝાઇઝ પોલિસ કે એવા બીજા કોઇ પણ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી માર્ચ સુધીમાં કોઇ પરેશાની થઇ શકે. માર્ચ પછી કોઇ ટેન્શન રાખવાની જરૂર નથી.

### તંદુરસ્તી

તબિયતને માટે આ વરસમાં આપના ગ્રહમાન સારા છે. છતાં વરસના અંતમાં એક વખત અઠવાડિયું આરામ કરવો પડે. સિરિયસ કશું નથી. નાની નાની સિઝનલ ફરિયાદ રહેશે. **તમારી તંદુરસ્તીની બાબતમાં જરૂર કરતા વધારે પડતી કાળજી રાખવાથી કે તંદુરસ્તી માટે ઓવર કોન્સીઅશ રહેશો તો તેની સાઇડ ઇફેક્ટ થવાની શકયતા છે.** તમને હાઇ-લો બ્લડ પ્રેશરની ફરિયાદ રહેશે. ચેક કરાવતા રહેવું. ચશ્માના નંબર વધવાની શકયતા છે.